રજુ તારીખ :૧૬/૧૦/૨૦૧૮
દાખલ તારીખ :૧૬ /૧૦/૨૦૧૮
ફેંસલ તારીખ :૦૮/૧૨/૨૦૧૮

**મહેરબાન અમદાવાદ (રુરલ)ના બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં**

**ફોજ. કેસ નં.૯૭૮૧/૨૦૧૮**

ફરીયાદી : સ ર કા ર શ્રી.

વિ રૂ ધ્ધ.

આરોપી : દિનેશભાઈ બાબરભાઈ ડાયાજી ઠાકોર
રહે. વીસવીઘા પુરા, નવાપુરા, તા.સાણંદ, જી.અમદાવાદ.

ફરીયાદી તર્ફે વ.શ્રી એ.પી.પી. અને આરોપી તરફે વિ.વ.શ્રી

**ગુનો : ધી જી.પી.એકટ ૧૧૩, ૩૭(૬),૧૩૫(૧)** મુજબ.

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, :–

આરોપીએ ચાર્જશીટમાં બતાવેલ સમયે અને સ્થળે પોતાની ઘાસચારાની લારી ઉભી રાખી મે.પો.કમિ.શ્રી/અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક ગ/ઉપક/૧૭૯/૨૦૦૫ તા.૨૯/૧૧/૨૦૦૫ ના જાહેર નામાનો ભંગ કરી મળી આવી પકડાઈ જઈ ધી જી.પી.એકટ ૧૧૩, ૩૭(૬),૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ છે.

૨. ઉપરોકત ફરીયાદના કામે તપાસ મળતા ત.ક.અમલદારશ્રીએ તપાસ કરતા તેમજ સાહેદોના નિવેદનો નોંધેલ અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરૂધ્ધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ઘરપકડ કરી આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

૩. ત.ક.અમલદાર ધ્વારા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમની સમક્ષનો ગુનો કબુલ કરેલ છે.

૪. આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, તેઓને સ્વેચ્છાએ ગુનો કબુલ કરીએ છીએ, યોગ્ય દંડ કરી ગુનામાંથી મુકત કરવા જણાવેલ છે.

૫. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સમાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હું ક મ : –**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે ધી જી.પી.એકટ ૧૧૩, ૩૭(૬),૧૩૫(૧) મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી **રૂા.૧૫૦/–** (અંકે રૂપિયા એકસો પચાસ પુરા)નો દંડ જો આરોપી દંડ ન ભરે તો દિન–બે ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત ચુકાદો તા. ૮મી, માહે–ડિસેમ્બર , સને– ૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

તા. ૦૮ /૧૨/૨૦૧૮
સ્થળઃ– મીરઝાપુર,અમદાવાદ

(શિવકુમાર પી. કેન )
બીજા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર